## છેલ્લે... છેલ્લે...

- ભારત અને ગુજરાત સરકારની યોજનાની અમલવારી માટે કેન્દ્રના ૩૦ સચિવોએ સાબરકાંઠાના પુંસરી ગામની મુલાકાત લીધી.
- તેલંગાણામાં ઈડબલ્યુએસ વર્ગો માટે દસ ટકા અનામતની જાહેરાત.
- રામમંદિર નિર્માણ નિધિમાં મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ પાંચ લાખ અને જાણીતા કથાકાર રમેશભાઈ ઓઝાએ ૫૧ લાખનું અનુદાન આપ્યું.
- ભાજપના નેતા ઉમા ભારતીએ ભાજપ શાસિત રાજયોમાં દારૂબંધી લાગુ કરવા પ્રમુખને પત્ર લખ્યો.
- વિશ્વની ટોપ ૩૦૦ સહકારી સંસ્થાઓમાં ઈફકો પ્રથમ સ્થાને.
- ભારતીય ક્રિકેટ ટીમના બોલર શીરાજ એરપોર્ટથી ઉતરી સીધો જ પિતાની કબર ઉપર જઈને શ્રદ્ધાંજલિ આપી હતી અને લીધેલી તમામ વિકેટો તેમને અર્પણ કરી હતી.

# થલતેજ-શીલજ-રાંચરડા રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ

### કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ઇ-લોકાર્પણ : વર્ષ ૨૦૨૨ સુધી દેશમાં ૧ લાખથી વધુ રેલવે ક્રોસિંગોથી મુક્તિ મળશે : સરકાર વધુ સુવિધાઓ આપવા કટિબદ્ધ

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ તથા ભારત સરકારના રેલવે મંત્રાલય દ્વારા અમદાવાદ શહેરના થલતેજ-શીલજ -રાંચરડા ચાર રસ્તા પર રૂ. ૫૫ કરોડના ખર્ચે નવનિર્મિત ચાર માર્ગીય રેલવે ઓવરબ્રિજનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે નીતિન પટેલની ઉપસ્થિતિમાં આજે ઈ-લોકાર્પણ કર્યું હતું.



કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું છે કે, વર્ષઃ ૨૦૨૨ સુધીમાં દેશમાં ૧ લાખથી વધુ ફાટકો દૂર કરવામાં આવશે. જેનાથી કરોડો રૂપિયાનું ઈંધણ અને હજારો માનવ કલાકોની બચત થશે.થલતેજ-શીલજ -રાંચરડા રેલવે ઓવરબ્રિજનું દિલ્હીથી ઈ-લોકાર્પણ કરતાં તેમણે કહ્યું કે, આ બ્રિજના નિર્માણમાં સૌ પ્રથમવાર ફેબ્રિકેટેડ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ બ્રિજના નિર્માણમાં ૧૦૫૦ ટન ફેબ્રિકેટેડ સ્ટીલનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

તેમણે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વ્યક્તિગત થી માંડી સામૂદાયિક એમ તમામ ક્ષેત્રોનો વિકાસ કરવામાં આવ્યો છે. વધતી વિકાસની જરૂરિયાતોને પહોંચી વળવા માટે દેશમાં વ્યાપક ક્ષેત્રમાં માળખાકિય વ્યવસ્થાઓ અને સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ દેશના તમામ ઘરોમાં વીજળી પહોંચી ચુકી છે. મહિલાઓને ઉજ્જવલા યોજના હેઠળ ગેસ પુરો પાડી ધુમાડામાંથી મુક્તિ અપાવી છે. દેશના દરેક ઘરમાં એક બેંક એકાઉન્ટ ખુલી ચૂક્યું છે.આ ઉપરાંત વર્ષ:૨૦૨૨ સુધીમાં દરેક ઘર સુધી પાણીનો નળ પહોંચી જશે. તેમણે કહ્યું કે,કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ રાજ્ય સરકારે પ્રો-એક્ટીવ અભિગમથી લીધો છે. દેશમાં ગુજરાત રાજ્ય કેન્દ્રીય યોજનાઓનો લાભ લેવામાં અગ્રક્રમે છે તેના મૂળમાં ગુજરાત સરકારનો લોક વિકાસ માટેનો સકારાત્મક અભિગમ રહેલો છે. તેમણે કહ્યું કે,અમદાવાદ ઝડપથી વિકસી રહ્યું છે તેને ધ્યાનમાં રાખીને તાજેતરમાં જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મેટ્રોના બીજા ચરણની શરૂઆત કરાવી હતી. તે જ રીતે બી.આર.ટી.એસ. નું માળખું વિકસિત કરી પરિવહન સેવાને મજબૂત બનાવી છે.



દેશમાં ગયા ડિસેમ્બર માસમાં વીજળીની ખપત અત્યાર સુધીમાં સૌથી વધુ થઈ છે તેનો અર્થ એ છે કે દેશનું અર્થતંત્ર ફરીથી ધબકતું થયું છે.વિશ્વના સૌથી મોટા રસીકરણ કાર્યક્રમની શરૂઆત કરી દેશમાં કોરોના અંતની શરૂઆત કરી દીધી છે. નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું કે, અમદાવાદ દેશમાં ઝડપથી વિકાસ પામી રહેલું શહેર છે, ત્યારે શહેરની ૬૫ લાખની જનતાને તમામ પ્રકારની વ્યવસ્થા - સુવિધા પૂરી પાડવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. આ ઓવરબ્રિજ નીચેથી પસાર થતી રેલવે લાઈન પર રોજની ૧૦૦ ટ્રેન પસાર થાય છે. તેના કારણે ઘણાં બધાં માનવ કલાકો તથા ઈંધણનો વપરાશ થતો હતો.આ વિસ્તાર પણ છેલ્લા ૧૫ વર્ષમાં ખૂબ ઝડપથી વિકસ્યો છે. જેથી ટ્રાફિકની પણ સમસ્યા રહેતી હતી.



નિવૃત વીજ કર્મચારી મંડળ એ નિવૃત વીજ કર્મચારીની અસુવિધાઓની સરકારને રજુઆત કરતી એક સંસ્થા છે. કર્મચારીના પેંશન તથા મેડિકલ સગવડતાઓ માટે છેલ્લા કેટલાક વર્ષથી લડત ચલાવી રહ્યું છે. એ લડત ના ભાગરૂપે મુખ્યમંત્રીશ્રી ને પત્ર દ્વારા રજુઆત કરવામાં આવેલ છે તથા તેના લગતા આવેદનપત્ર દરેક જિલ્લા કલેકટરશ્રી તથા વિદ્યુત વિભાગની વર્તુળ કચેરીના અધિક્ષક ઈજનેરશ્રી આપવાનું આયોજન ગોઠવવામાં આવેલ. ગુરુવારના રોજ સવારે ૧૧.૩૦ કલાકે સંસ્થાના પ્રમુખશ્રી નયન પંડિત, ગુજરાત રાજ્યના ઉત્તર વિભાગના ઝોનલ સેક્રેટરીશ્રી મનોજ વ્યાસ તથા સક્રિય સભ્યશ્રી વિક્રમ અધ્યારૂને વિજય યાજ્ઞિકના હસ્તે કલેકટરશ્રી, અમદાવાદને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું.

# કુડાસણ વિસ્તારમાં શ્યામ-સૃષ્ટિ કોમ્પ્લેક્ષ પાસેથી બે સટ્ટોડીયા ઝડપાયા

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર કુડાસણ વિસ્તારમાં શ્યામ-સૃષ્ટિ કોમ્પ્લેક્ષ-૧ ના પહેલા માળે થી બે સટ્ટોડીયાને એલસીબી-૨ પોલીસે પકડી પાડ્યા છે. આ શખ્સો હાલમાં ચાલી રહેલી બીગ બેસ લીગ ટી-૨૦ પર ઓનલાઈન એપ્લીકેશનની મદદથી સટ્ટો રમાડતા હતા. એલસીબી પોલીસે આ શખ્સો પાસેથી રૂ.૧૫ હજાર રોકડ, રૂ.૧૪,૫૦૦ ના ત્રણ મોબાઈલ ફોન મળી કુલ રૂ. ૨૯,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.



પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલા ના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ પી.એસ.જાડેજા અને પી.ડી.વાઘેલા ટીમના સભ્યો કાર્યરત હતા. તે દરમિયાન એએસઆઈ દિલિપસિંહ બળદેવસિંહ અને કોન્સ્ટેબલ રવિન્દ્રસિંહ વનરાજસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે શ્યામ સૃષ્ટિ કોમ્પ્લેક્ષ-૧ ના પહેલા માળે આવેલ ટીસ એન્ડ ટ્રેક્સ નામની દુકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં બે શખ્સો હાલમાં ચાલી રહેલી બીગ બેસ લીગ ટી-૨૦, ૨૦૨૦-૨૦૨૧ મેલબોર્ન સ્ટાર્સ તેમજ મેલબોર્ન રેનીગેડ્સ ટીમ વચ્ચે રમાતી મેચ પર ઓનલાઈન એપ્લીકેશનની મદદથી સટ્ટો રમે છે. જેથી પોલીસે સ્થળ પર જઈ તપાસ કરતા બે શખ્સો મળી આવ્યા હતા. પોલીસે નામ પુછતા મયુર દિલિપભાઈ પટેલ (રહે.કુડાસણ મેન્ગો આવાસ ફલેટ નં.૪ ), હિતેશ અરુણભાઈ પટેલ (રહે પોર ગામ સ્વામીનારાયણ વાસમાં) સામે આવ્યું હતું. પોલીસે બન્ને પાસેથી રોકડ રૂ.૧૫ હજાર અને મોબાઈલ ફોન મળી કુલ રૂ.૨૯,૫૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

## વોટ્સએપ પર ધો.૩ થી૧૨ના વિદ્યાર્થીની વીકલી ટેસ્ટ લેવાશે

### પ્રાયોગિક ધોરણે ૨૩ જાન્યુઆરીએ ધોરણ ૩થી૫ની પરીક્ષા લેવામાં આવશે : ૧૦ બહુવિલ્પી પ્રશ્નો પૂછાશે

રાજયના શિક્ષણ વિભાગ દ્વારા હવે ધોરણ ૩થી૧૨ના વિદ્યાર્થીઓની વોટ્સએપ આધારિત સાપ્તાહિક કસોટી લેવાનો નિર્ણય લેવાયો છે. જેમાં પ્રાયોગિક ધોરણે ૨૩ જાન્યુઆરીના રોજ ધોરણ ૩થી૫ના વિદ્યાર્થીઓની કસોટી લેવાશે. ત્યારબાદ દર સપ્તાહે આ કસોટી લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિદ્યાર્થીએ વોટ્સએપ પર પોતાની નોંધણી કરાવીને દર સપ્તાહે આ પરીક્ષા આપવાની રહેશે. પરીક્ષામાં ૧૦ બહુવિકલ્પ પ્રકાર (સ્ક્રુઉ)ના પ્રશ્નો હશે અને પરીક્ષા આપ્યા બાદ તરત જ તેનું મૂલ્યાંકન પણ જાહેર કરાશે. જેમાં વિદ્યાર્થીને જે મુદ્દાઓમાં કચાશ હશે તેની વિડીયો લિંક પણ મોકલાશે. મળતી માહિતી અનુસાર, હોમ લર્નિંગ અંતર્ગત ડીડી ગીરનાર ચેનલ પર ધોરણ ૧થી૮ માટે વિવિધ વિષયોના એપિસોડ પ્રસારિત કરવામાં આવે છે. જ્યારે સમગ્ર શિક્ષા દ્વારા ધોરણ ૯થી૧૨ના વિદ્યાર્થીઓ માટે ગુજરાત વર્ચ્યૂઅલ શાળા અંતર્ગત લાઈવ ઓનલાઈન ક્લાસિસ ટેલિકાસ્ટ કરવામાં આવે છે. વિદ્યાર્થીઓ હાલ ડિસ્ટન્સ મોડથી અભ્યાસ કરતા હોઈ તેઓ કેટલું શીખ્યા છે તે ચકાસવાનું નક્કી કરાયું છે. આ માટે સમગ્ર શિક્ષા દ્વારા એક વોટ્સએ બેઈઝ સાપ્તાહિક મૂલ્યાંકનનું આયોજન કરવામાં આવ્યું છે. વોટ્સએપ બેઝ સપ્તાહ કસોટી દૂરદર્શન કેન્દ્ર પરથી પ્રસારિત થતાં ધોરણ ૩થી૮ના વિષય વસ્તુ આધારિત અને ધોરણ ૯થી૧૨ માટે ગુજરાત વર્ચ્યુઅલ શાળાના લાઈવ ક્લાસિસના વિષય વસ્તુ આધારિત બહુવિકલ્પ પ્રકારની કસોટી ૨૩ જાન્યુઆરીથી પ્રાયોગિક ધોરણે શરૂ કરાશે. ૨૩ જાન્યુઆરીના રોજ ધોરણ ૩-૪ ગુજરાતી અને ધોરણ ૫માં ગુજરાતી તથા પર્યાવરણની ૧૦ બહુવિકલ્પી પ્રશ્નો આધારિત વોટ્સએપ બેઝ્ડ પરીક્ષા યોજાશે. ૩૦ જાન્યુઆરીથી ધોરણ ૩થી૧૨ની ટેસ્ટ યોજાશે.

# રાજ્યમાં કોરોના સંક્રમણના નવા ૪૭૧ દર્દીઓ નોંધાયા

અમદાવાદ, તા. ૨૧

ગુજરાતમાં કોરોના હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો છે. રાત્રી કર્ફ્યૂ બાદ સ્થિતી ધીરે ધીરે થાળે પડી રહી હોય તેમ આંકડા ધીરે ધીરે ઘટવા લાગ્યા છે. લાંબા સમય બાદ સતત કોરોનાના કેસનો આંકડો ૧૦૦૦ ની નીચે આવ્યો છે. તો કોરોના સિટી તરીકે ઓળખાતા અમદાવાદમાં ૧૦૦થી નીચે કેસ આવ્યા છે. આજે રાજ્યમાં નવા ૪૭૧ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૭૨૭ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૪૭,૯૫૦ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૬.૧૭ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. જો કે આશ્ચર્યજનક રીતે કેટલા ટેસ્ટ કરવામાં આવ્યા તે અગાઉ આંકડો દર્શાવાતો હતો. જે હવે બંધ કરી દેવાયો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, સરકાર પર ટેસ્ટિંગ ઘટાડીને કેસ ઘટાડવામાં આવી રહ્યા હોવાનાં આરોપો લાગતા રહ્યા છે. તેવામાં ટેસ્ટિંગની સંખ્યા દેખાડવાનું બંધ કરી દેવાતા અનેક તર્ક વિતર્કો થઈ રહ્યા છે. રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૬૯,૬૯૪ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪,૬૯,૫૮૭ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જયારે ૧૦૭ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૫,૪૯૧ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૫૨ છે. જ્યારે ૫,૪૩૯ લોકો સ્ટેબલ છે. ૨,૪૭,૯૫૦ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૪૩૭૨ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૧ વ્યક્તિનું મોત નિપજ્યું છે. અમદાવાદ કોર્પોરેશનમાં ૦૧ વ્યક્તિનું કોરોનાને કારણે મોત નિપજ્યું છે.



એક તરફ શહેરના નવા સેક્ટરોમાં પાણીની સમસ્યા અંગે વારંવાર ફરિયાદો ઉઠી રહી છે અને બીજી તરફ શહેરના ખ-માર્ગ પર પાઈપલાઈનમાં ભંગાણ કે લિકેજના કારણે પાણીનો વેડફાટ થઈ રહ્યો છે તેમ છતાં તંત્ર ઘોર નિંદ્રામાં મસ્ત જણાઈ રહ્યું છે. શહેરના સેક્ટર-૫-બી ના ખોડિયાર મંદિર અને ખ-માર્ગ વચ્ચે પીવાના પાણીની પાઈપલાઈનમાં લિકેજથી વહી જતાં પાણી અંગે શહેર વસાહત મહાસંઘના કેશરીસિંહ બિહોલા દ્વારા પાણી પુરવઠા વિભાગ તેમજ સ્થાનિક કોર્પોરેટર્સનુ ધ્યાન દોરવા છતાં તેની મરામત કરવા બાબતે કોઈ કાર્યવાહી કરવામાં આવી નથી.

## ભીષણ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્સ્ટિટ્યુટમાં જ કોવિશીલ્ડ બનાવવામાં આવી રહી છે, જે ભારત સહિત અનેક દેશોને આપવામાં આવશે.

મળતી માહિતી પ્રમાણે પુણેના મંજરીમાં આવેલી સીરમ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયાના નવા પ્લાન્ટમાં આગ લાગી છે. ૩૦૦ કરોડના ખર્ચે બનેલા આ પ્લાન્ટમાં કોરોના વેક્સિન કોવિશીલ્ડનું મોટા પ્રમાણમાં પ્રોડકશન કરવાની યોજના છે. ગત વર્ષે જ કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી ડૉક્ટર હર્ષવર્ધને આ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતુ, પરંતુ અત્યારે આ પ્લાન્ટમાં વેક્સિનનું ઉત્પાદન શરૂ નથી થઈ શક્યું. દૂરથી પ્લાન્ટ પર આગના કાળા ધુમાડા જોવા મળી રહ્યા છે. ૫ માળના આ પ્લાન્ટમાં કોવિશીલ્ડનું પ્રોડકશન થોડાક દિવસમાં શરૂ થવાનું છે.

અત્યારે કોરોના વેક્સિન કોવિશીલ્ડનું પ્રોડકશન સીરમ ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડિયાના નવા પ્લાન્ટથી લગભગ એકથી બે કિલોમીટર અંતર પર આવેલા જૂના પ્લાન્ટથી કરવામાં આવી રહ્યું છે. આ પ્લાન્ટનું નિર્માણ ૧૯૯૬માં કરવામાં આવ્યું હતુ. અહીં કોવિશીલ્ડનું પ્રોડક્શન થઈ રહ્યું છે. કોવિશીલ્ડનું મોટા પ્રમાણમાં પ્રોડક્શન કરવાની તૈયારી નવા પ્લાન્ટથી હતી, જેનો કેટલોક ભાગ અત્યારે આગની ઝપટમાં છે.

કોરોના સામેની લડાઈમાં કોવિશીલ્ડ રસી બનાવવાનું કામ કરી રહેલી પુણેની સીરમ ઈન્સ્ટિટ્યૂટમાં આગની ઘટનાને લઈને ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ફાયર બ્રિગેડની ૧૦ ગાડીઓ ઘટના સ્થળે હતી. સાથે જ એનડીઆરએફની ટીમ પણ પહોંચી ગઈ હતી અને આગ પર કાબૂ મેળવ્યો હતો. મહારાષ્ટ્ર સરકાર આ ઘટના પર નજર રાખી રહી છે. સીરમ ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ડિયાના ટર્મિનલ ૧ ગેટ પર આગ લાગી ગઈ હતી. આગ લાગવાનું કારણ હજુ સ્પષ્ટ થયું નથી. ઘટનાસ્થળે પહોંચેલી ગાડીઓએ આગ ઓલવવામાં નાખી છે. ઉલ્લેખનીય છે કે સીરમ ઈન્સ્ટિટ્યુટમાં જ કોવિશીલ્ડ બનાવવામાં આવી રહી છે, જે ભારત સહિત અનેક દેશોને આપવામાં આવશે. મળતી માહિતી પ્રમાણે પુણેના મંજરીમાં આવેલી

## વેક્સિન લેશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

સુરક્ષિત નથી. જેના કારણે નેતાઓ આને લેવાનુ ટાળી રહ્યા છે. સૂત્રો મુજબ કેન્દ્ર સરકાર આ ભ્રમને દૂર કરવા માંગે છે. જેના કારણે પીએમ મોદી ખુદ વેક્સીન લેશે. સાથે જ બધા રાજ્યોના મુખ્યમંત્રીઓને પણ વેક્સીનનો ડોઝ આપવામાં આવશે. વર્તમાન સમયમાં લોકસભામાં ૩૦૦થી વધુ અને રાજ્યસભામાં ૨૦૦થી વધુ સાંસદ ૫૦ વર્ષથી ઉંમર પાર કરી ચૂક્યા છે. એવામાં તેમને પણ રસી મૂકાશે. આનાથી જનતા વચ્ચે વેક્સીન સુરક્ષિત હોવાનો મજબૂત સંદેશ જશે.

વળી, વેક્સીન વિશે જ્યારે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બેઠક કરી હતી ત્યારે પણ પીએમે કહ્યુ હતુ કે કોઈએ પણ ગભરાવાની જરૂર નથી. બીજા ફેઝમાં એ બધાને રસી મૂકાઈ જશે જે ૫૦ વર્ષથી ઉપરના છે. જો કે હજુ એ નક્કી નથી કે બીજો તબક્કો ક્યારે શરૂ થશે અને આ અંગે કોઈ ગાઈડલાઈન પણ નક્કી થઈ નથી. સૂત્રો મુજબ જે નેતાઓની ઉંમર ૮૦થી ઉપર છે તેમનુ પણ ખાસ ધ્યાન રાખવામાં આવી શકે છે. જેમાં બે પૂર્વ પ્રધાનમંત્રી મનમોહન સિંહ અને એચડી દેવગૌડાનુ નામ શામેલ છે. બીજા તબક્કામાં લશ્કર, અર્ધલશ્કર દળના જવાનો સહિત ૫૦થી વધુ ઉંમરના લોકોનું રસીકરણ હાથ ધરાશે. જો કે બીજો તબક્કો ક્યારથી શરૂ થશે તે અંગે કોઈ સ્પષ્ટતા નથી કરવામાં આવી. બીજા તબક્કાની ગાઈડલાઈન નક્કી થઈ ગઈ છે. બીજા ચરણમાં વડાપ્રધાન, કેટલાક રાજયના મુખ્યમંત્રી, રાજયપાલ તેમજ વીવીઆઈપી લોકોને રસીનો ડોઝ આપવામાં આવશે.

કેન્દ્ર સરકારના જણાવ્યા મુજબ પહેલા તબક્કામાં ઝડપથી આરોગ્યકર્મીઓ અને ફ્રંટલાઈન વર્કર્સનુ રસીકરણ થઈ રહ્યુ છે. જે હેઠળ છેલ્લા પાંચ દિવસોમાં ૭.૮૬ લાખ લોકોને રસી મૂકાઈ છે. ઉત્તર પ્રદેશ, રાજસ્થાન જેવા અમુક રાજયોમાં તો અભિયાન ઝડપથી ચાલી રહ્યુ છે પરંતુ દિલ્લ, પંજાબ સહિત ઘણા રાજયોમાં મોટી સંખ્યામાં આરોગ્યકર્મીઓને વેક્સીન મળી શકી નથી. એવામાં તેમનુ કાઉન્સેલિંગ કરવામાં આવી રહ્યુ છે. આશા છે કે બીજો તબક્કો એપ્રિલમાં શરૂ થઈ જશે.

## સિક્સલેન કરવા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આગામી દિવસોમાં દરખાસ્તને મંજુરી મળી ગયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરાશે. હાલ આ રૂટમાં સરગાસણ અને ઘ-૦ બ્રિજની કામગીરી ચાલી રહી છે.જયારે આ પ્રોજેકટ અન્વયે ચિલોડા સરખેજ માર્ગને સિકસલેન ન હોય તેવી જગ્યાએથી સિકસલેન કરવા માટે કામગીરી ચાલી રહી છે ત્યારે આ બન્ને બ્રિજ પણ રોડ નેટવર્કને અનુલક્ષીને સિકસલેન કરવામાં આવશે. આ કાર્યયોજનાને અનુલક્ષીને દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી આ દરખાસ્તને મંજુરી મળી નથી જેના લીધે આ કામગીરીમાં વિલંબ થઈ રહ્યો છે.

## અદ્રશ્ય થયો...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમજ રોડ ફર્નિચરને અનુલક્ષીને કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. પરંતુ સર્કલોની જાળવણીના નામે મીંડુ છે. શહેરના ઘ-૨ સર્કલની પણ આવી જ દશા છે. આ ઉપરાંત ગ-૨ સર્કલ પણ જાળવણીના અભાવે આકર્ષક દેખાતુ નથી લાંબા સમયથી સર્કલોની મરામત તેમજ રંગરોગાન અને સુશોભનને અનુલક્ષી કોઈ કામગીરી ન થતા સર્કલો હવે આકર્ષણ ગુમાવી રહ્યા છે. દરવર્ષે વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષીને માર્ગો અને ફુટપાથની સાથે સર્કલોની જાળવણી માટે ઝુંબેશ હાથ ધરવામાં આવે છે પરંતુ આ વર્ષે વાઈબ્રન્ટ સમિટનુ આયોજન પણ પડતુ મુકાયુ છે. ત્યારે શહેરમાં સુશોભનની સાથે સર્કલ તેમજ ફુટપાથની જાળવણીનુ કામ પણ થયુ નથી. નગરના મુખ્યમાર્ગો પર સ્થિત સર્કલો આકર્ષણ વિહોણાં જોવા મળી રહ્યા છે.

## અશાંતધારા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમુદાયના લોકોનું ક્લસ્ટરિંગ કે જમાવડો એક જ જગ્યા એ થશે. કોઈ ચોક્કસ સમુદાયના સમાન ધાર્મિક મૂલ્યો, રિવાજો, ધર્મસ્થાનો અને ઓળખ ધરાવતા લોકોનું ક્લસ્ટરિંગ યાગ્ય ગણવામાં માગશે. બંધારણ પ્રમાણે દરેક નાગરિકને દરેક વિસ્તારમાં કમાવાનો અને રહેવાનો અધિકાર મળ્યો છે. આ કાયદાથી સરકાર ચોક્કસ સમુદાના ઘેટ્ટો બનાવવા માગે છે. આ પિટિશનના વિરોધમાં રાજ્ય સરકારે રજૂઆત કરી હતી કે તેમણે હજુ સુધી આ કાયદા હેઠળનું જાહેરનામું પ્રસિદ્ધ કર્યુ નથી, કારણ કે આ સુધારાઓ પર હજુ રાજ્યપાલની સંમતિ લેવાની બાકી છે. જેથી નવું જાહેરનામું પ્રસિદ્ધ કરવા પર હાઈકોર્ટે વચગાળાનો સ્ટે ફરમાવ્યો છે.

## સબસીડી મળી શકશે...

● અનુસંધાન પહેલાનું ચાલુ

એકાઉન્ટ ધારકનું નામ, ખાતા નંબર અને બેંકની બ્રાંચનો આઈએફએસસી કોડ અને ૧૭ અંકોનો એલપીજી કન્ઝ્યુમર આઈડી આપવું પડશે. પરંતુ જણાવી દઈએ કે આ સુવિધા તેજ ગ્રાહકોને આપવામાં આવી છે, જેની પાસે આધાર કાર્ડ નથી. ઓનલાઈન મોડમાં લિંક કરવા માટે તમારે મોબાઈલ નંબરનો ઈન્ડેન ગેસ કનેક્શનથી રજિસ્ટર કરાવો. ત્યારબાદ આધારની સત્તાવાર વેબસાઈટ પર જાવ. અહીં આપેલી તમામ જરૂરી જાણકારી ભરો. તેમાં તમારે બેનિફિટ ટાઈપમાં એલપીજી, સ્કીમનું નામ, વિતરણનું નામ અને ગ્રાહક સંખ્યા ભરો. હવે આધાર નંબર ટાઈપ કરતા પહેલા તમારો મોબાઈલ નંબર અને ઈ-મેલ આઈડી લખવું પડશે.


**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

'ગુજરાત સરકારનું સાહસ'

**જાહેર નિવિદા નંબર-૧૨ સને. ૨૦૨૦-૨૧**

અધિક્ષક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય વર્તુળ, પ્રથમ માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર. મોબાઈલ નં. ૯૯૭૮૪૪૩૯૨૯ દ્વારા નીચેના કામ માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે.

| અ. નં. | કામની વિગત | અંદાજીત કિંમત રૂ. લાખમાં | કોન્ટ્રાક્ટ માટેની પાત્રતા | ટેન્ડર આઈડીનં. | ભાવો ભરવાની છેલ્લી તા. |
|---|---|---|---|---|---|
| ૧ | મોડાસા શહેરની ભૂગર્ભ ગટર યોજના હેઠળ STP કામો તથા સાત વર્ષ મરામત અને નિભાવણીના કામ સહિત | ૨૨૩૩.૯૯ | 'એએ' કલાસ અને ઉપરના | ૪૪૬૪૩૨ | ૨૨.૨.૨૧ |

એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર ગુજરાત પાણી પુરવઠા બોર્ડના સક્ષમ અધિકારીને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી વેબ www.gwssb.nprocure.com તથા www.gwssb.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે. ગ્રામ્ય પા.પુ. યોજનામાં પીવાના પાણીની સમસ્યા અર્થે ટોલ ફ્રી નં. ૧૯૧૬ ઉપર સંપર્ક કરવો. હવે પછીનો કોઈપણ સુધારો હશે તો ફક્ત વેબસાઈટ પર જોવા મળશે.

નામાનિ/હિંમત/૫૦૬/૨૦૨૧



**જાહેર સુચના**

આથી જાહેર કરવામાં આવે છે કે ગુજરાત સરકારના સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેકટ એસેસમેન્ટ ઓથોરીટી દ્વારા ૧૪/૦૯/૨૦૦૬ પર્યાવરણ અસર સમીક્ષા અધિનિયમ અંતર્ગત અમો નિશીથ દેસાઈ ને સર્વે. નં. ૩૭૨/૧/પી, ૩૭૨/૨, એફ.પી. નં ૮૧, ૮૨, ટી.પી.૦૭, (સરગાસણ-કુડાસણ-પોર); સરગાસણ, જીઃ ગાંધીનગર મુકામે બાંધકામ પરિયોજના ''**હુદ્યા**'' માટે પર્યાવરણ મંજુરી આપવામાં આવેલ છે.

અમોને જારી કરવામાં આવેલ મંજુરી પત્ર ક્રમાંક SEIAA/GUJ/EC/8(a)/1582/2020 ની નકલ અમારી પાસે, સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેકટ એસેસમેન્ટ ઑથોરિટી પાસે અને સ્ટેટ લેવલ એન્વાયરોમેન્ટલ ઈમ્પેકટ એસેસમેન્ટ ઑથોરિટી વેબસાઈટ www.seiaa.gujarat.gov.in ઉપર ઉપ્લબ્ધ છે.

તા : ૨૦/૦૧/૨૦૨૧

સ્થળ : ગાંધીનગર

**નિશીથ દેસાઈ**



**PUBLIC NOTICE**

It is hereby informed that Government of Gujarat in State Level Environmental Impact Assessment Authority, Gujarat; has accorded the Environment Clearance to **Mr. Nishith Desai** for New Construction Project named **"HRUDHYA"** set up at S. No. 372/1/P, 372/2. 81, 82, TPS 7, (Sargasan-Kudasan-Por); Sargasan, Dist: Gandhinagar; under the Provisions of EIA Notification dated 14th September 2006, The copy of Environment Clearance letter No. SEIAA/GUJ/EC/8(a)/1582/2020 is available with us, Sate Level Environment Impact Assessment Authority and may also be seen at the website of SEIAA Gujarat at www.seiaa.gujarat.gov.in

Date : 20/01/2021

**Place** : Gandhinagar

**Nishith Desai**